| | | | | |
|---|---|---|---|---|
| GJAN010026022025 | રજુ તારીખ | | ૧૫/૦૭/૨૦૨૫ | |
| | નોધ્યા તારીખ | | ૧૫/૦૭/૨૦૨૫ | |
| | ફેસલ તારીખ | | ૩૦/૦૬/૨૦૨૬ | |
| | સમયગાળો | વર્ષ | મહીના | દિવસ |
| | | ૦૦ | ૧૧ | ૧૫ |

सत्यमेव जयते

**<u>મહે. સ્પેશ્યલ જજ (પોકસો) અને એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. આણંદ</u>**

**સ્પે.પોકસો કેસ નંબર :– ૪૩/૨૦૨૫**

**આંક–૬૦**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** (૧) જયમીનકુમાર ભલાભાઈ ભોઈ,
ઉ.વ. ૧૯, ધંધો–પ્રા.નોકરી,

(૨) સવિતાબેન ઉર્ફે રાધા રમેશભાઈ ભોઈ,
ઉ.વ. ૩૭,

(૩) રમેશભાઈ રૂપાભાઈ ભોઈ,
ઉ.વ. ૩૭

(૪) કુસુમબેન ભલાભાઈ ભોઈ,
ઉ.વ. ૪૨,

તમામ રહે.સુંદલપુરા બહાર ફળીયુ, તા.ઉમરેઠ, જી.આણંદ

**ગુન્હો :-** ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ- ૭૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ- ૨૦૧૨ ની કલમ-૮ મુજબ.

---

ફરિયાદ પક્ષ તરફથી એ.પી.પી.શ્રી એ.કે.પંડયા
આરોપી પક્ષ તરફે વિદ્ધાન વકિલશ્રી જે.એસ.પટેલ

---

**-:: ઠરાવ ::-**

**(૧)** આ કામના આરોપી વિરુધ્ધ ઉમરેઠ પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૫૨૫૦૨૫૩/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ- ૭૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૮ મુજબનો ગુન્હો નોધાયેલો છે.

**(૨)** નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત લક્ષમાં રાખી તેમજ સદરહુ કાયદાની જોગવાઇ અનુસાર આ ચુકાદામાં ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેમના નામની જગ્યાએ "ભોગ બનનાર" તરીકે હવે પછીથી ઉલ્લેખ કરેલ છે. અત્રે એ હકીકત નોંધનીય છે કે, સદર કામના ફરીયાદી દીનેશભાઇ લક્ષ્મણભાઇ ભોઇને સમન્સ કરતાં આંક-૧૫ એ થી ફરીયાદીનો મરણનો દાખલો શેરા સાથે પરત આવેલ હોય ફરીયાદીને તપાસી શકાયેલ નથી.

**(૩)** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીએ સવિતાબેન રમેશભાઈ ભોઈને સીમકાર્ડ પરત નહી આપેલ તેની રીશ રાખી તા.૨૩/૦૫/૨૦૨૫ ના કલાક ૧૩:૩૦ વાગ્યે મોજે: સુંદલપુરા બહાર ફળીયા મુકામે આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર તેઓના ઘરના વાડામાં એકલી હોય તેને પકડી બાથમાં લઈ તેણીની ઈજ્જત લેવાની કોશીશ કરી આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ સાહેદ વિરેન્દ્રભાઈને લાત મારી પાડી દઈ ઈજા

પહોંચાડી તથા આરોપી નં.૨ સવિતાબેન ઉર્ફે રાધા રમેશભાઈ ભોઈ તથા આરોપી નં.૩ રમેશભાઈ રૂપાભાઈ ભોઈ તથા આરોપી નં.૪ કુસુમબેન ભલાભાઈ ભોઈ તથા આરોપી નં. ૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ ફરીયાદીશ્રીને ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદ કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૭૫, ૧૧૫(૨), ૩૫૧ (૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે.

(૪) તપાસ કરનાર અધિકારીએ ગુન્હાની તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતાં અટક કરીને સમય મર્યાદામાં પોકસો કોર્ટ, આણંદ સમક્ષ રજુ કરેલ છે. ત્યાર બાદ ગુન્હાની તપાસ પુરી થતાં હાલના આરોપી વિરુધ્ધ સ્પે. પોક્સો કોર્ટ આણંદ ખાતે ચાર્જશીટ રજુ થયેલ છે. સદર ચાર્જશીટને પોકસો કેસ નં. ૪૩/૨૦૨૫ તા. ૧૫/૦૭/૨૦૨૫ થી સેશન્સ કોર્ટ આણંદમાં નોધવામાં આવેલ છે. ત્યારબાદ સદર કેસ એડી.સેશન્સ જજ અને સ્પે. જજ પોકસો કોર્ટમાં રજુ થતાં આરોપી વિરુધ્ધ હાલનો કેસ આ કોર્ટમાં ઉપસ્થીત થયેલો છે ત્યાર બાદ ઈન્સાફી કાર્યવાહી શરુ કરવામા આવેલ.

(૫) ત્યારબાદ આ કોર્ટ દ્વારા હાલના આરોપીને ચાર્જશીટના કેસ પેપર્સની વિના મુલ્યે નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ, હાલના આરોપી સામેના ગુનાના આક્ષેપો અંગે બન્ને પક્ષને સાંભળ્યા બાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ– ૨૪૯, ૨૫૦ અને ૨૫૧ ની જોગવાઈઓને આધીન આ કામના આરોપી સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પ્રથમ દર્શનિય રીતે પુરતો કેસ જણાતા, સદર ગુના સબંધે તા.૦૬/૧૧ /૨૦૨૫ ના રોજ આંક–૫ થી તહોમતનામુ ફરમાવી આરોપીને વાંચી સંભળાવી સમજાવી તહોમતનામા સબંધે આંક–૬ થી આંક–૯ સુધી હાલના આરોપીઓનું નિવેદન (પ્લી) લેતા આરોપીઓ એ ગુનો કબુલ ન હોવાનુ જણાવેલ અને તેથી હાલના આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલત દ્વારા આગળ ચલાવવામાં આવેલ.

(૬) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૫૩ વંચાણે લઈ ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૪ મુજબ ફરિયાદ પક્ષ દ્વારા પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–: <u>મૌખિત પુરાવાઓ</u> :–**

| અ.નં. | સાહેદનુ નામ અને વિગત | આંક |
|---|---|---|
| ૧ | ડો. દર્શન ગાલોરીયાની જુબાની | ૧૧ |
| ૨ | પંચ દિલીપકુમાર દેવરાજભાઈ ચૌધરીની જુબાની | ૧૭ |
| ૩ | પંચ છગનભાઈ કોયાભાઈ ભોઈની જુબાની | ૧૯ |
| ૪ | પંચ સંજયભાઈ અંબાલાલ તળપદાની જુબાની | ૨૧ |
| ૫ | પંચ અશોકભાઈ કાંતિભાઈ સાંકલાની જુબાની | ૨૩ |
| ૬ | ભોગ બનનારની જુબાની | ૨૫ |
| ૭ | સાહેદ નીતીનકુમાર બાબુલાલ સુથારની જુબાની | ૨૮ |
| ૮ | ડો. રાહુલ બલદાણીયાની જુબાની | ૩૩ |
| ૯ | સાહેદ શેફાલી હરીશકુમાર બુલાનની જુબાની | ૩૭ |

**–: <u>દસ્તાવેજી પુરાવાઓ</u> :–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | શ્રી કૃષ્ણ હોસ્પીટલને કરેલ યાદી | ૧૨ |
| ૨ | ભોગ બનનારનુ મેડીકલ સર્ટી | ૧૩ |
| ૩ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૮ |
| ૪ | આરોપી નં.૧ ની શરીર સ્થીતનુ પંચનામુ | ૨૦ |
| ૫ | આરોપીઓની શરીર સ્થીતનુ પંચનામુ | ૨૨ |
| ૬ | ભોગ બનનારનુ બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબ નુ નિવેદન | ૨૬ |
| ૭ | રજીસ્ટરનો ઉતારો | ૨૯ |

| | | |
|---|---|---|
| ૮ | ભોગ બનનારના જન્મનુ અસલ પ્રમાણપત્ર | ૩૦ |
| ૯ | સબ રજીસ્ટાર ઉમરેઠને કરેલ ચાદી | ૩૧ |
| ૧૦ | મેડીકલ ઓફીસર ઉમરેઠને કરેલ ચાદી | ૩૪ |
| ૧૧ | ભોગ બનનારનુ ઉમરેઠનુ મેડીકલ સર્ટી | ૩૫ |
| ૧૨ | ફરીયાદ | ૩૮ |
| ૧૩ | મોબાઈલ ફોનનુ પંચનામુ | ૩૯ |
| ૧૪ | બી.એસ.એ. ની કલમ–૬૩(૪) (સી) નુ સર્ટી | ૪૦ થી ૪૫ |
| ૧૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૪૬ |
| ૧૬ | મેડીકલ ઓફીસર ઉમરેઠને કરેલ ચાદી | ૪૭ |
| ૧૭ | ભોગ બનનારનુ નિવેદન લેવા નામદાર કોર્ટને રીપોર્ટ | ૪૮ |
| ૧૮ | ભોગ બનનારને હાજર રખાવવા નામદાર કોર્ટ નો હુકમ | ૪૯ |
| ૧૯ | પ્રાંત અધિકારીને ચાદી | ૫૦ |
| ૨૦ | સુચિપત્ર | ૫૧ |
| ૨૧ | ભારે ગુનાનો રીપોર્ટ | ૫૨ |
| ૨૨ | રજીસ્ટાર જન્મ મરણ નોંધણી અધિકારીનો લેટર | ૫૩ |
| ૨૩ | જન્મ મરણ રજીસ્ટરના ઉતારાની પ્રમાણીત નકલ | ૫૪ |
| ૨૪ | વીએચએફ મેસેજ | ૫૫ |
| ૨૫ | મુદામાલની પંચ સ્લીપો | ૫૬ |
| ૨૬ | સ્ટેશન ડાયરી | ૫૭ |

(૭) ફરિયાદ પક્ષ તર્ફે વિદ્ધાન એ.પી.પી.શ્રી દ્ધારા આ કામે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થચા બાદ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થચા અંગે પુરસીસ આંક–૫૮ થી રજુ કરેલ છે.

(૮) ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ આરોપીઓ વિરુધ્ધ સંજોગો અંગે આરોપીઓ નુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં તેઓએ ફરિયાદપક્ષના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ સોગંદ ઉપર

જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ જણાવેલ કે, તેઓએ કોઇ ગુન્હો કરેલ નથી. તેઓ નિર્દોષ છે. ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૯) ઉપરોક્ત મુજબના ફરિયાદપક્ષના પુરાવાઓ તેમજ ઉભય પક્ષકારોની રજુઆત ધ્યાને રાખી આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

**મુદ્દા નં.૦૧.** શું ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આક્ષેપિત બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયના હતા?

**મુદ્દા નં. ૦૨.** શું ફરિયાદ પક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીએ સવિતાબેન રમેશભાઈ ભોઈને સીમકાર્ડ પરત નહી આપેલ તેની રીશ રાખી તા.૨૩/૦૫/૨૦૨૫ ના કલાક ૧૩:૩૦ વાગ્યે મોજે: સુંદલપુરા બહાર ફળીયા મુકામે આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર તેઓના ઘરના વાડામાં એકલી હોય તેને પકડી બાથમાં લઈ તેણીની ઈજ્જત લેવાની કોશીશ કરી આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ સાહેદ વિરેન્દ્રભાઈને લાત મારી પાડી દઈ ઈજા પહોંચાડી તથા આરોપી નં.૨ સવિતાબેન ઉર્ફે રાધા રમેશભાઈ ભોઈ તથા આરોપી નં.૩ રમેશભાઈ રૂપાભાઈ ભોઈ તથા આરોપી નં.૪ કુસુમબેન ભલાભાઈ ભોઈ તથા આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ ફરીયાદીશ્રીને ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદ કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૭૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-

૨૦૧૨ ની કલમ–૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલ છે?

**મુદ્દા નં. ૦૩.** છેવટનો શું હુકમ ?

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય હવે પછી જણાવેલા કારણોસર નીચે મુજબ રહેલ છે.

૦૧. હકારમાં.

૦૨. નકારમાં.

૦૩. આખરી હુકમ મુજબ.

**–:: <u>નિર્ણય માટેના કારણો</u> ::–**

**–: <u>ફરિયાદપક્ષ તર્ફે મૌખિક દલીલો</u> :–**

**(૧૧)** વિદ્વાન એ.પી.પી.શ્રી એ.કે.પંડયાએ તેમની મૌખિક રજુઆતમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ સામે આંક–૦૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૭૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૮ મુજબના ગુન્હાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે અને ફરિયાદપક્ષ દ્બારા આરોપીઓ સામે આક્ષેપિત આ તહોમતને મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઓ દ્બારા નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ છે.

**(૧૧.૧)** વિદ્બાન એ.પી.પી.શ્રી એ.કે.પંડયાએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, આ કામે આરોપીઓ સામે પોક્સો એક્ટ અન્વયેના ગુન્હાનો આક્ષેપ છે અને આ કાયદાની જોગવાઈને આધીન આક્ષેપિત બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાની હકીકત ફરિયાદ પક્ષ દ્બારા પુરવાર કરવામાં આવેલ છે. તેઓએ રજુઆત કરેલ છે કે, ફરીયાદ પક્ષે આંક–૩૦ થી ગુજરાત સરકાર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્બારા આપવામાં આવેલ ભોગ બનનારનુ જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. તે મુજબ ભોગ બનનારની

જન્મ તારીખ ૨૧/૦૩/૨૦૦૯ ની છે. જે ભોગ બનનારના જન્મ પ્રમાણપત્ર ધ્યાને લેતાં ભોગ બનનારની જન્મ તારીખ ૨૧/૦૩/૨૦૦૯ રહેલ છે. પંચાયત દફતરે સદર જન્મ નોધણી તારીખ ૨૬/૦૩/૨૦૦૯ થયેલ હોવાનું સ્પષ્ટ પણે જણાય આવે છે. જે ધ્યાને લેતાં સમય મર્યાદામાં સરકારી દફતરે ભોગ બનનારના જન્મની નોધણી થયેલાનુ જાહેર થયેલ છે. જે જન્મ નોધણી પ્રમાણપત્ર વિરુધ્ધ ફરિયાદ પક્ષે સદર જન્મ પ્રમાણપત્ર ખોટુ કે બનાવટી હોય કે સદર જન્મ નોધ વિરુધ્ધ કોઈ ભરોસાપાત્ર વાંધો કે રજુઆત નથી. જે ધ્યાને લેતાં ભોગ બનનારનુ સરકારી દફતરે નોધાયેલ જન્મ નોધણી નહી માનવાને કોઈ વ્યાજબી કારણ જણાતુ નથી. વધુમાં આ બનાવ તારીખ ૨૩/૦૫/૨૦૨૫ ના રોજ બનેલ છે જે ધ્યાને લેતા બનાવ સમયે ભોગ બનનારની ઉમર સગીર વયની એટલે કે ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ ૦૨ માસ ૦૨ દિવસો હોવાનું જણાય આવે છે. જેથી ફરિયાદ પક્ષ બનાવ સમયે ભોગ બનનાર સગીર યાને કે ૧૮ વર્ષથી ઓછી ઉંમર હોવાનુ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેતા હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે.

**(૧૧.૨)** વિદ્વાન એ.પી.પી.શ્રી એ.કે.પંડયાએ રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનારને આંક-૨૫ થી તપાસવામાં આવેલા છે, પરંતુ તેઓએ તેમની સરતપાસમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. પરંતુ તેઓના પુરાવાના આધારે એ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે કે, આરોપીઓ તેમના ગામના હોવાથી ઓળખતા હોવાનું જણાવેલ છે . વિધ્વાન એ. પી.પી. શ્રી એ વધુમાં રજુઆત કરેલ છે કે, ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન તેમનું બીએનએસએસની કલમ – ૧૮૩ મુજબનું નિવેદન લેવાયેલ હોવાની હકીકત સ્વીકારેલ છે અને આ કલમ – ૧૮૩ મુજબનું ભોગબનનારનું નિવેદન વિધ્વાન જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી દવારા કલમ – ૧૮૩ ના પ્રબંધો મુબજ નોંધવામાં આવેલ છે તેથી તેને નહીં માનવા કોઈ કારણ રહેલ નથી અને તેના આધારે પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થાય છે.

**(૧૧.૩)** વિદ્વાન એ.પી.પી.શ્રી એ.કે.પંડયાએ રજુઆત કરેલ છે કે, ફરીયાદ એ

પુરાવાનું પ્રથમ સોપાન છે. ફરીયાદીની ફરીયાદ તપાસ કરનાર અમલદાર મારફતે પુરાવામાં રજુ રખાવી આંકે પડાવેલ છે. તેથી તેને નહીં માનવા કોઈ કારણ રહેલ નથી અને તેના આધારે પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થાય છે.

**(૧૧.૪)** વિદ્વાન એ.પી.પી. શ્રી એ.કે.પંડયાએ રજુઆત કરેલ છે કે, આ કામે ભોગ બનનાર ની શારીરીક તપાસ કરનાર ડોકટર દર્શન ગાલોરીયા તથા ડોકટર રાહુલ બલદાણીયાને અનુક્રમે આંક–૧૧ અને આંક–૩૩ થી તપાસવામાં આવેલા છે. ભોગ બનનારની તપાસ કરનાર ડોકટરશ્રીએ ભોગ બનનારે તેઓની સમક્ષ આપેલ બનાવ હિસ્ટ્રીમાં વિગતવાર સ્પષ્ટ શબ્દોમાં આરોપી વિરુધ્ધના ગુનાની વિગતો જણાવેલ છે. આથી પણ આ તબિબિ પુરાવાઓના આધારે આરોપી સામે આક્ષેપાયેલ તહોમતની હકીકત પુરવાર થયેલ છે.

**(૧૧.૫)** વિદ્વાન એ.પી.પી. શ્રી એ.કે.પંડયાએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, આ કામે ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ દિલીપકુમાર દેવરાજભાઈ ચૌધરી ને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૧૮ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં પંચ નં.ર તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તેમજ આરોપી નં.૧ ની શરીર સ્થિતિના પંચ સાહેદ છગનભાઈ કોયાભાઈ ભોઈને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૨૦ થી રજુ આરોપી નં.૧ ની શરીર સ્થિતિના પંચનામામાં પંચ નં.૧ તરીકે તેઓની સહી હોવા નું જણાવી ઓળખી બતાવેલ છે તેમજ આરોપીઓ ની શરીર સ્થિતિના પંચ સાહેદ સંજયભાઈ અંબાલાલ તળપદા તથા અશોકભાઈ કાંતિભાઈ સાંકલાને અનુક્રમે આંક–૨૧ તથા આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૨૨ થી રજુ આરોપીઓની શરીર સ્થિતિના પંચનામામાં પંચો તરીકે તેઓની સહી હોવાનું જણાવી

ઓળખી બતાવેલ છે. આમ, આરોપીઓની શરીરસ્થિતિનુ પંચનામુ પણ સાહેદના પુરાવા થી પુરવાર થાય છે.

**(૧૧.૬)** વિદ્વાન એ.પી.પી.શ્રી એ.કે.પંડયાએ વિશેષમાં રજુઆત કરેલ છે કે, પોલીસને ફરિયાદી કે આરોપી સામે કોઈ રાગ દ્વેષ નથી કે તકરાર નથી અને તેથી આ કામે તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારી તથા અન્ય પોલીસ સાહેદોના પુરાવાઓને નહી માનવા કોઈ કારણ નથી અને આ સાહેદોના પુરાવાઓના આધારે પણ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયેલ છે.

**(૧૧.૭)** તેઓએ અંતમાં રજુઆત કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ સામે આક્ષેપિત તહોમતની હકીકતો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના આધારે નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ હોય આરોપીઓને કસુરવાર ઠરાવી કાયદાથી નિર્ધારિત મહત્તમ સજા કરવી જોઈએ.

**–: <u>બચાવ પક્ષની દલીલ</u> :–**

**(૧૨)** આરોપી પક્ષ તર્ફે વિદ્વાન વકીલ શ્રી જે.એસ.પટેલ તરફથી તેમની મૌખિક રજુઆતોમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓ સામે આંક–૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૭૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૮ મુજબના ગુન્હાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ ફરિયાદ પક્ષ દ્વારા કુલ–૯ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે પરંતુ ફરિયાદ પક્ષના મહત્વના સાહેદો દ્વારા અને ખુદ ભોગ બનનાર દ્વારા ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સમર્થન આપવામાં આવેલ નથી અને તેથી ફરિયાદ પક્ષનો કેસ નિઃશંકપણે પુરવાર થયાનુ કહી શકાય નહી.

**(૧૨.૧)** બચાવ પક્ષે આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી જે.એસ. પટેલે વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના સાહેદો પૈકી મહત્વના સાહેદો ખુદ ભોગ બનનાર અને ભોગ બનનારની શારિરીક તપાસ કરનાર તબીબી અધિકારી અને તપાસ કરનાર

અધિકારી છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, પુરાવાના કાયદાના સિદ્ધાંતો અનુસાર દીવાની કાર્યવાહીના કામે પુરાવાનો બોજો પ્રબળતાની સંભાવના આધારે નિર્ણીત થાય છે જ્યારે ફોજદારી કાર્યવાહીના કામે ફરિયાદ પક્ષ ઉપરનો બોજો તમામ વ્યાજબી શંકાઓથી પર સ્થાપિત કરવાનો રહે છે. પુરાવાના આ સિદ્ધાંતો ધ્યાને લેતા હાલના કામે ફરિયાદ પક્ષ આરોપીઓ સામે તમામ વ્યાજબી શંકાઓથી પર આક્ષેપિત હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ આરોપી નંબર-૧ નાઓએ સગીર ભોગ બનનારની જાતિય સતામણી કરેલ હોવાની હકીકતને તેમજ આરોપી નંબર-૨ થી ૪ નાઓએ ફરીયાદીને ગાળો બોલી, ગડદાપાટુનો માર મારેલ હોવાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોવાની હકીકતને ભોગ બનનારના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૨.૨)** બચાવ પક્ષે આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી જે.એસ. પટેલે વધુમાં રજુઆત કરેલ છે કે, વિદ્વાન એ.પી.પી.શ્રીની રજુઆત કે, તબીબી પુરાવાથી ફરિયાદ પક્ષ નો કેસ પુરવાર થયેલ છે તે માનવા લાયક નથી અને કાયદાના સિદ્ધાંતો મુજબ તબીબી પુરાવો માત્ર મુખ્ય અને મુળભુત પુરાવાના સમર્થનકારી પુરાવા તરીકે જ ધ્યાને લઈ શકાય. તેઓએ જણાવેલ છે કે, આ કામે ભોગ બનનાર સાથે કોઇ બનાવ બનેલ નથી કે તેણીની સાથે આરોપીએ કોઇ જાતિય સતામણી કરેલ ન હોવાનુ સોગંદ ઉપર જણાવેલ છે. તે સંજોગોમાં આ તબીબી પુરાવાના આધારે કેસ પુરવાર થયાનુ કહી શકાય નહી. આથી આ તબીબી પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો નથી.

**(૧૨.૩)** વિદ્વાન વકીલ શ્રી જે.એસ. પટેલે વધુમાં રજુઆત કરેલ છે કે, બનાવના મુખ્ય સાહેદ ફરીયાદી ગુજરી ગયેલ હોય તેમજ ભોગબનનારના મૌખિક પુરાવો વિશ્વાસનીય અને માનવા લાયક ન હોય આંક-૩૮ થી રજુ થયેલ ફરીયાદના મુળ કન્ટેન્ટ પણ ભોગબનનાર ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી ત્યારે વિદ્વાન એ.પી.પી.શ્રી ની રજુઆત અનુસાર આંક-૩૮ ફરીયાદ માત્રને આંક પડવાથી પુરવાર થઇ ગયેલ છે તેમ માની શકાય નહી.

(૧૨.૪) વિદવાન વકીલશ્રી જે.એસ.પટેલે વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદોએ સાહેદે ભોગબનનાર કે આરોપીના શરીર ઉપર ઈજાના કોઈ નિશાન ન હોવાનું જણાવેલ છે, તેથી પંચનામુ ંપુરવાર થયેલ નથી. તેઓએ રજુઆત કરેલ છે કે, જયારે ભોગ બનનારનો મૌખિક પુરાવો વિશ્વસનીય અને માનવાલાયક રહેલ નથી ત્યારે વિદવાન એ..પી.પી. શ્રી ની રજુઆત અનુસાર માત્ર તપાસ કરનાર અધિકારીના પુરાવાના આધારે ફરિયાદ પક્ષનો કેસ પુરવાર થયાનું કહી શકાય નહીં.

(૧૨.૫) વિધ્વાન વકીલ શ્રી જે.એસ.પટેલે દલીલ કરી વધુમાં જણાવેલ છે કે, ફરિયાદપક્ષ ધ્વારા આંક–૩૧ થી ભોગબનનારનો જનમ તારીખનો દાખલો રજુ થયેલ છે, તેમજ સબ રજીસ્ટ્રાર નીતીનકુમાર બાબુલાલ સુથારને આંક –૨૮ થી તપાસવામાં આવેલા છે અને આ પુરાવાઓમાં ભોગ બનનારની જન્મ તારીખ ૨૧/૦૩/૨૦૦૯ જણાવવામાં આવેલ છે. પરંતુ જયારે ખુદ ભોગ બનનાર દવારા તેમના પુરાવામાં તેમની સાથે તેમની સગીરાવસ્થા દરમ્યાન આરોપી નંબર–૧ ધ્વારા જાતિય સતામણી નહી કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે ત્યારે આ સાહેદના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાઓ બહુ મહત્વના રહેતા નથી.

(૧૨.૬) વિદ્વાન વકીલશ્રી શ્રી જે.એસ. પટેલે વધુમાં રજુઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા તપાસ કરનાર અધિકારીનો પુરાવાઓ માત્ર પ્રક્રિયાત્મક સ્વરૂપનો પુરાવો છે. ફરિયાદ પક્ષના મુખ્ય સાહેદ એવા ભોગ બનનાર છે. તેમના પુરાવામાં કોઈ સમર્થનકારી હકીકતો જણાવવામાં આવેલ ન હોય, તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લઈ શકાય નહી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષ આક્ષેપિત કેસ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

**–: <u>ફરિયાદ પક્ષે રજુ થયેલો પુરાવો</u> :–**

**(૧૩)** હાલના કામે ફરિયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, ફરીયાદીએ સવિતાબેન રમેશભાઈ ભોઈને સીમકાર્ડ પરત નહી આપેલ તેની રીશ રાખી તા. ૨૩/૦૫/૨૦૨૫ ના કલાક ૧૩:૩૦ વાગ્યે મોજે: સુંદલપુરા બહાર ફળીયા મુકામે આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર તેઓના ઘરના વાડામાં એકલી હોય તેને પકડી બાથમાં લઈ તેણીની ઈજ્જત લેવાની કોશીશ કરી આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ સાહેદ વિરેન્દ્રભાઈને લાત મારી પાડી દઈ ઈજા પહોંચાડી તથા આરોપી નં.ર સવિતાબેન ઉર્ફે રાધા રમેશભાઈ ભોઈ તથા આરોપી નં.૩ રમેશભાઈ રૂપાભાઈ ભોઈ તથા આરોપી નં.૪ કુસુમબેન ભલાભાઈ ભોઈ તથા આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ ફરીયાદીશ્રીને ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદ કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ –૭૫, ૧૧૫(ર), ૩૫૧(૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલાનો આક્ષેપીત કેસ રહેલો છે.

**(૧૪)** હાલના કામે રજુ થયેલો સમગ્ર પુરાવો જોતા અને તેનુ મુલ્યાંકન કરતા, આ કામે ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ ૯ સાહેદ તપાસવામાં આવેલા છે. જેઓનો પુરાવો નીચે મુજબ છે.

**(૧૫)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૧ તરીકે આંક–૧૧ થી ભોગ બનનારની શારિરીક તપાસણી કરનાર ડોક્ટર દર્શન ગાલોરીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ તેમની હોસ્પીટલના ફોરેન્સીક મેડીસીન વિભાગમાં ફરજ પર હાજર હતાં ત્યારે ભોગ બનનારની તપાસણી કરવા સારુ વુ.પો.કો મોનિકાબેન બ.નં.૦૬૦૦ નાઓ ઉમરેઠ

પોલીસ સ્ટેશન નાઓ શારીરીક તપાસણી માટે યાદી સાથે લઇને આવેલા અને ભોગ બનનાર તેમની સમક્ષ બપોરના ૧/૧૦ વાગે આવેલા અને શારીરીક તપાસણી કરતા પહેલા તેની સર્ટીફીકેટમા સમંતિ મેળવેલી અને તેની નીચે તેણે પોતાની સહી કરેલ અને ભોગ બનનારને સી.એચ.સી ઉમરેઠ ધ્વારા રીફર મેમા સાથે તપાસ માટે આવેલા તથા ભોગ બનનારના ઓળખના ચિન્હોમાં જમણા હાથે કોણીના નીચેના ભાગે પાછળની તરફ કાળા કલરનુ અંગ્રેજીમાં J. S લખેલ ટેટુમાર્ક હતુ. ડોક્ટર સાહેદની જુબાની દરમ્યાન આંક–૧૨ થી શ્રી કૃષ્ણ હોસ્પીટલે કરેલ યાદી રજુ કરેલ છે.

**(૧૫.૧)** ડોક્ટર સાહેદ દર્શન ગાલોરીયાએ ભોગ બનનારને બનાવ વિશે હિસ્ટ્રી પુછતા તેણીએ જણાવેલ કે, "તા. ૨૩/૫/૨૫ ના અંદાજીત બપોરના દોઢ વાગે જયમીન પાછળથી આ ભઇ ભાઇ ભોઇ આવીને મને બાથ ભરેલી અને મારી છાતીના ભાગે અડપલા કરેલા અને જબરદસ્તી કરેલ." સદર હીસ્ટ્રી ભોગ બનનારે તેના પોતાના હસ્તાક્ષરમાં લખેલી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ભોગ બનનારની ઈજાઓ જોતા તેના શરીર પર કોઇપણ જાતના ઈજાના નિશાનો જોવા મળેલ નહી તેમજ ભોગ બનનારની તપાસણી કરતા તેના બી.પી. પલ્સ સામાન્ય હતા અને તેના શરીર ઉપર બાહય ઈજાના નિશાનો જોવા મળેલા નહી પરંતુ શરીર પર જૂના વાગેલાના નિશાનો હતા જે ડાબા હાથે કોણીથી નીચેના ભાગે આગળની તરફ હતા અને નખ નખની કિનારીથી બહાર નીકળેલ ન હતા.

**(૧૫.૨)** ડોક્ટર સાહેદ દર્શન ગાલોરીયાએ તેઓની જુબાની દરમ્યાન ભોગ બનનાર નુ શારિરીક તપાસણીનું એમ.એલ.સી. સર્ટીફિકેટ જોઈ જે તેઓના હસ્તાક્ષરમાં છે અને નીચે તેઓની તથા તેમની સાથેના ડોકટર અરજીત દત્તાની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૧૩ થી રજુ છે.

**(૧૫.૩)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા ભોગ બનનારની શારિરીક તપાસણી

કરનાર ડોક્ટર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને તેમની સમક્ષ પોલીસ યાદી સાથે લાવવામાં આવેલ. તેઓએ ઈન્કાર કરેલ છે કે, પોલીસ યાદી પરથી ભોગ બનનારની હીસ્ટ્રી લખી લીધેલ અને પોલીસની ફરીયાદને સમર્થન આપવા માટે તેઓએ ખોટી રીતે આંક–૧૩ વાળુ સર્ટીફીકેટ તૈયાર કરી આપેલ. તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનાર તેમની સમક્ષ આવેલ ત્યારે સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા અને ભોગ બનનારની શારીરીક ચકાસણી દરમ્યાન બાહય રીતે કોઈ ઈજા ના નિશાનો જણાઈ આવેલ નહી.

(૧૬) ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૨ તરીકે આંક–૧૭ થી ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ દિલીપકુમાર દેવરાજભાઈ ચૌધરીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઉમરેઠ મામલતદાર ઓફીસમાં રેવન્યુ તલાટી તરીકે તેમની ફરજ બજાવે છે અને તેમના ઉપરી અધિકારીએ ઉમરેઠ પોલિસ સ્ટેશનના એક ગુનાના કામે પંચમા રહેવા જવા માટે મૌખિક સૂચના આપેલી જેથી તેઓ તથા તેમની સાથે નોકરી કરતા સાગરભાઇ પોપલીયા નાઓ તા ૨૬ / ૦૫ / ૨૦૨૫ ના બપોરના આશરે ૧૨:૦૦ થી ૧:૦૦ વાગ્યાના સમયે તેઓ ઉમરેઠ પોલિસ સ્ટેશને ગયેલા તે વખતે ત્યાં ભોગ બનનાર તથા પોલિસના માણસો તેમજ પી. આઈ મેડમ હાજર હતાં અને પી. આઈ. એ તેઓને સમજ આપેલ કે, પોકસો એકટનો એક ગુનો બનેલ છે તેની સ્થળ તપાસ કરવા માટે સુંદલપુરા મુકામે જવાનુ છે તે સ્થળ ભોગ બનનાર બતાવનાર છે તેવું જણાવેલ જેથી તેઓ પંચો, ભોગ બનનાર તથા પોલિસના માણસો ખાનગી વાહન તેમજ સરકારી વાહનમાં સુંદલપુરા જવા માટે નીકળેલા અને બપોરે અઢી વાગ્યાની આસપાસ તેઓ બધા સુંદલપુરા ગામ પાસે વચલા ફળીયામાં પહોચેલા ત્યાં ભોગ બનનારે એક મકાન બતાવેલ જે તેણીનુ પોતાનુ મકાન હતું. જે મકાનની ઉત્તરના ભાગે બાજુમાં ગાડી ઉભી રાખેલ અને તેઓ પંચો, ભોગ બનનાર અને પોલિસના માણસો

ગાડીમાંથી નીચે ઉતરેલા અને આ મકાન કાચુ મકાન હતું અને મકાન પતરાવાળુ હતું ત્યાં પ્રવેશતા પહેલાં ઓસરી હતી પછી એક રુમ હતો ત્યારબાદ રુમની અંદર સાઇડ પર રસોડુ હતુ તેની પાછળના ભાગે સંડાશ બાથરુમ હતું બાથરુમ સંડાશની સામેની સાઈડે એક ઇંટોની દિવાલ હતી અને જે ઘરની પાછળ વાડાની જગ્યા હતી જેની દિવાલ ઇટોની બનાવેલ હતી તે જગ્યા ભોગ બનનારે બતાવેલ અને કહેલ કે આ જગ્યાએ આરોપીએ તેણીને બાથમાં ભરેલી ત્યાં એફ.એસ.એલ. અધિકારી પણ હાજર હતાં અને તેઓએ આ જગ્યા પર તપાસ કરેલી પણ કોઈ ગુનાહિત ચીજવસ્તુ મળી આવેલ નહી. જે બાબતનું વિગતવારનું ચર્તુદિશાનુ પંચનામુ કરેલ તેમા તેઓએ તથા તેમની સાથેના પંચ સાગરભાઈ નાઓએ સહી કરેલી. આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક-૧૮ થી રજુ પંચનામામાં પંચ નં.ર તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

**(૧૬.૧)** આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી દ્ધારા પંચ સાહેદ દિલીપકુમાર દેવરાજભાઈ ચૌધરી ની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ સંબંધી માહીતી ઉમરેઠ પોલીસે આપેલી અને તેઓ આશરે ર:૩૦ વાગ્યાની આસપાસ સુંદલપુરા ગામે પહોંચેલા જે જગ્યાએ બનાવ બનેલો તેની આજુબાજુ ઘણા બધા રહીશોના મકાન આવેલ છે અને તેઓ સુંદલપુરા ગામે બનાવવાળી જગ્યાએ આશરે અડધો પોણો કલાક રોકાયેલા. તેઓ ઈન્કાર કરે છે કે, તેઓ સ્થળ ઉપર તૈયાર પંચનામામાં સહી કરેલી અને પોલીસે પંચનામુ લખી પાછળથી તૈયાર પંચનામામાં તેમની સહી કરાવેલી તથા તેમની હાજરીમાં કાર્યવાહી થયેલ નથી.

**(૧૭)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૩ તરીકે આંક-૧૯ થી આરોપી નં.૧ ની શરીર સ્થિતિના પંચ સાહેદ છગનભાઈ કોયાભાઈ ભોઈને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે એકાદ વર્ષ પહેલા તેઓ ઉમરેઠ

પોલીસ સ્ટેશનમાં તેમના સગા સંબંધી મારફતે બોલાવવામાં આવતા તેઓ અને બીજા પંચ રાજેશભાઈ ભોઈ આવેલા ત્યાં પી.આઈ. સાહેબ સમજણ આપેલ કે આરોપીની શરીર સ્થિતિનુ પંચનામું કરવાનુ હોય સમજણ કરતાં સ્વખુશી દર્શાવેલી ત્યાં પોલીસ સ્ટેશનમાં એક ઈસમ હાજર હતાં જેનું નામ પૂછતાં પોતાનું નામ જયમીન ભોઈ રહેવાસી સુંદલપુરા હોવાનું જણાવેલ અને તેણે શરીરે મહેંદી કલરનુ શર્ટ અને રાખોડી પેન્ટ પહેરેલ અને તેના શરીરે કોઈ ઈજા કે ઉઝરડાના નિશાનો જણાઈ આવેલ નહી પછી તેઓએ એક ટાઈપ કરેલ કાગળમાં તેમને સહી કરવાનુ કહેતા તેઓએ સહીઓ કરી આપેલ. આ પંચ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૨૦ થી રજુ પંચનામામાં પંચ નં.૧ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

**(૧૭.૧)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા પંચ સાહેદ છગનભાઈ કોયાભાઈ ભોઈની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, આરોપી જયમીન તે દિવસે સ્વસ્થ જણાઈ આવેલ અને આરોપીના શરીર પર કોઈ ઈજાના નિશાનો જોવા મળેલ નહી તથા પોલીસે પંચનામુ તૈયાર કરેલ અને તેમા તેઓએ સહી કરેલી.

**(૧૮)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૪ તરીકે આંક–૨૧ થી આરોપીઓની શરીર સ્થિતિના પંચ સાહેદ નં.૧ સંજયભાઈ અંબાલાલ તળપદાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે ૮–૧૦ મહીના પહેલા પોલીસે તેમને પોલીસ સ્ટેશને બોલાવી એક કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી તેમજ તેઓ પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ તેમના ખેતરમાં આખો દિવસ હોય જેથી પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવેલ તથા તેમા શું લખેલ તેની તેમને ખબર નથી. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૨૨ થી રજુ આરોપીઓની શરીર સ્થિતિના પંચનામામાં પંચ નં.૧ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ

જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ હોય અને તેમની રૂબરૂમાં કોઈ વ્યકિત હાજર હોય અને તે વ્યકિતની શરીરસ્થિતિનુ પંચનામુ કરવામાં આવેલ હોય.

**(૧૮.૨)** આ કામે ફરિયાદ પક્ષે આંક–૨૨ ના પંચનામાની મહત્વની હકિકતોને આ પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય વિધ્વાન સરકારી વકીલશ્રી તરફથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવા રજુઆત કરતાં અને આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરીને વિદ્વાન સરકારી વકીલશ્રી દ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ પરંતુ આ પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી  દ્વારા ઉલટ તપાસમાં આ પંચ સાહેદએ સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહીઓ કરેલી તથા તેઓ બીજી કોઈ હકીકત જાણતા નથી.

**(૧૯)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૫ તરીકે આંક–૨૩ થી આરોપીઓની શરીર સ્થિતિના પંચ સાહેદ નં.૨ અશોકભાઈ કાંતિભાઈ સાંકલાને તપાસવામાં આવેલા છે. તેઓ એ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,આશરે ૮–૧૦ મહીના પહેલા પોલીસે તેમને પોલીસ સ્ટેશને બોલાવી એક કાગળમાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી તેમજ તેઓ પોલીસ સ્ટેશનની બાજુમાં વેપાર કરે છે જેથી પોલીસે તેમને પોલીસ સ્ટેશન બોલાવેલ તેમા શું લખેલ તેની તેમને ખબર નથી. આ સાહેદે તેમની જુબાની દરમ્યાન આંક–૨૨ થી રજુ આરોપીઓની શરીર સ્થિતિના પંચનામામાં પંચ નં.૨ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેઓએ જણાવેલ છે કે, એવુ બનેલ નહી કે પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ હોય અને તેમની રૂબરૂમાં કોઈ વ્યકિત હાજર હોય અને તે વ્યકિતની શરીરસ્થિતિનુ પંચનામુ કરવામાં આવેલ હોય.

**(૧૯.૧)** આ કામે ફરિયાદ પક્ષે આંક–૨૨ ના પંચનામાની મહત્વની હકિકતોને આ પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય વિધ્વાન સરકારી વકીલશ્રી તરફથી ફરી ગયેલા સાહેદ જાહેર કરવા રજુઆત કરતા અને આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરીને વિદ્વાન સરકારી વકીલશ્રી દ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ પરંતુ આ પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. બચાવ પક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી દ્વારા ઉલટ તપાસમાં આ પંચ સાહેદએ સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહીઓ કરેલી તથા તેઓ બીજી કોઈ હકીકત જાણતા નથી.

**(૨૦)** ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.૦૬ તરીકે આંક–૨૫ થી ભોગ બનનારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના કાકાએ તેમના આધાર કાર્ડ માં તેમની જન્મ તા.૨૧/૦૩/૨૦૦૯ લખાવેલ છે તે ખોટી છે હાલમાં તેમના ૧૮ વર્ષ પુરા થઈ ગયેલ છે પરંતુ તેમની સાચી જન્મ તારીખ તેમને યાદ નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ ધોરણ–૧૦ સુધી સુંદલપુરા શાળામાં અભ્યાસ કરેલ છે અને તેમના મમ્મી'–પપ્પા અવસાન પામેલ છે અને તેઓ ૩ બહેનો અને ૧ ભાઈ છે, જેમાં સૌથી મોટા તેઓ છે તેમજ તેમની સાથે કોઈ બનાવ બનેલ નથી અને આરોપીઓ તેમના ગામમાં રહેતા હોય તેથી બધાને ઓળખે છે અને તેણીએ તેમના પપ્પા કે સગા સંબંધીને બીજી કોઈ વાત કરેલ નથી તેમજ પોલીસે તેમની કોઈ પૂછપરછ કરેલ નથી કે તેઓએ પોલીસને કોઈ હકીકત જણાવેલ નથી કે પોલીસે આરોપીઓ બાબતે કોઈ હકીકત પુછેલી નથી કે પોલીસ તેમને પોલીસ સ્ટેશનેથી અન્ય કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી કે પોલીસ તેમને કોઈ હોસ્પિટલ લઈ ગયેલ નથી. તેઓએ જણાવેલ છે કે, પોલીસ તેમને ઉમરેઠ કોર્ટ ખાતે લાવેલા જયાં તેમની પૂછપરછ જજ સાહેબ ધ્વારા કરવામાં આવેલી

અને તેમના કુંટુંબી કાકાએ જે કહેવા સમજાવેલ તે તેણીએ કોર્ટ માં જજ સાહેબને જણાવેલ અને જજ સાહેબે તેનુ લખાણ લખેલ જે લખાણ તેણીએ વાંચેલ નહી માત્ર સહી કરેલી. ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન જોઈ જેના દરેક પાના પર તેણીની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૨૬ થી રજુ છે.

**(૨૦.૧)** આ ભોગ બનનાર ની ઉપરોક્ત હકીકત મુજબની સોગંદ ઉપરની સરતપાસ ની હકીકતોના આધારે ફરિયાદી પક્ષના કેસની મહત્વની હકિકતોને સમર્થન કરતા ન હોય ભોગ બનનાર ને વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ આ ભોગ બનનાર ને પુછવામાં આવેલા અને તેમાં પણ તેઓએ ફરિયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૨૦.૨)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ ભોગ બનનારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, આરોપીઓ તેમના ગામના હોવાથી ઓળખે છે તેઓ અગાઉ કયારેય મોબાઈલ વાપરતા નહી કે મોબાઈલ ધરાવતા નહી કે મોબાઈલ કે સીમકાર્ડ બાબતે તેમના પપ્પાએ ઠપકો આપેલ નહી કે તે બાબતે તેમના પપ્પાને કોઈની સાથે કયારેય અણબનાવ કે ઝગડો થયેલ નહી તેમજ જયમીને તેમની સાથે કયારેય કોઈ જબરજસ્તી કે છેડતી કરેલ નથી કે જયમીને તેમના કાકાને મારેલ હોય કે તેમના કાકાને કોઈ ધમકી આપેલ હોય તેમ બનેલ નથી કે આરોપીઓએ તેમને કે તેમના પપ્પાને કે તેમના કાકાને કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી તેમજ તેઓએ આપેલ નિવેદન તેમના કાકા અને પિતાના કહેવાથી આપેલ તથા પોલીસે તેમને કોઈ જગ્યાએ લઈ ગયેલ અને તેમની હાજરીમાં પંચનામુ કરેલ નથી તથા તેઓને જયારે ડોકટર પાસે લઈ ગયેલ ત્યારે તેઓએ ડોકટરને કોઈ હકીકત જણાવેલ નહી કે ડોકટરને કોઈ સેમ્પલ આપેલ નહી

તેમજ પોલીસે તેમની કોઈ પૂછપરછ કરેલ નહી અને કોઈ નિવેદન લીધેલ નહી કે પોલીસને જાતે કોઈ હકીકત જણાવેલ નહી.

**(૨૧)** ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં. ૦૭ તરીકે આંક–૨૮ થી સબ રજીસ્ટ્રાર શ્રી નીતીનકુમાર બાબુલાલ સુથારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ઉમરેઠ નગરપાલિકા ખાતે જન્મ–મરણ કચેરીમાં સબ રજીસ્ટ્રાર તરીકે તેમની ફરજ બજાવે છે અને તેમની ફરજમાં જન્મ–મરણ નોંધણી અધિનિયમમાં જણાવેલ જોગવાઇઓ મુજબ જન્મ કે મરણની નોંધ કરવાની છે તેમજ સરકારશ્રીની યોજનાઓનો અમલને લગતા કામ કરે છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, આ જન્મ કે મરણની નોંધણી નગરપાલિકામાં જન્મ મરણ નોંધણી અધિનિયમ હેઠળ નિભાવામાં આવતા જન્મ–મરણ રજીસ્ટરમાં કરવામાં આવે છે અને રજીસ્ટરમાં થયેલ નોંધણીના આધારે અરજદારને જન્મ કે મરણનું પ્રમાણપત્ર આપે છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, સને ૨૦૦૯ નું અસલ જન્મનું રજીસ્ટરના પાના નં.૪૦ ઉપર અનુક્રમ નં. ૩૪૨ ઉપર સ્ત્રી બાળકની નોંધ કરેલ છે જે નોંધમાં બાળકના નામના કોલમમાં ભોગ બનનારનુ નામ લખેલ છે જેના પિતાનું નામ D તથા માતાનું નામ R તથા માં–બાપ નું કાયમી રહેઠાણનું સરનામુ બહાર ફળીયુ, સુંદલપુરા, તા.ઉમરેઠ જી.આણંદ તથા બાળકી ની જન્મ તા.૨૧/૦૩/૨૦૦૯ તથા બાળકીનો જન્મ સી.એચ.સી. ઉમરેઠ થયેલ છે તથા નોંધણી તા.૨૬/૦૩/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૨૯ થી જન્મનું રજીસ્ટરના પાના નં. ૪૦ ની ખરી નકલ રજુ કરેલ છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૩૦ થી ભોગ બનનારના જન્મ પ્રમાણપત્ર રજુ કરેલ છે જેમા તેઓની સહી તથા તેમના હોદ્દાનો સિકકો મારેલ છે જે તેઓ ઓળખી બતાવે છે. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આંક–૩૧ થી યાદી મળ્યા બદલ તેની સ્થળપ્રત માં સહી કરેલ છે.

**(૨૧.૧)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ સબ રજીસ્ટ્રારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારના જન્મની નોંધ કરાવવા માટે ભોગ બનનારના માતા પિતા આવેલ નહી પરંતુ ભોગ બનનારના જન્મની નોંધ સી.એચ.સી. ની યાદીના આધારે કરેલી. તેઓ ઈન્કાર કરે છે કે, પોલીસે તેમની કચેરી પાસે ભોગ બનનારનો જન્મનો દાખલો માંગેલ ન હતો તથા રજુ કરેલ જન્મના દાખલાના નામવાળા વ્યકિતઓ ઉમરેઠ રહેતા હોય તેથી કોઈ ભળતા નામવાળા વ્યકિતનો દાખલો રજુ કરેલ છે.

**(૨૨)** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં.૦૮ તરીકે આંક-૩૩ થી ભોગ બનનારની શારિરીક તપાસણી કરનાર ડોક્ટર સાહેદ રાહુલ બલદાણીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ સી.એચ.સી. ઉમરેઠ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતાં ત્યારે ઉમરેઠ પો.સ્ટેના ના ગુનાના કામે વુ.પો.કો નાઓ ભોગ બનનારને શારીરીક ચકાસણી માટે યાદી સાથે તેમની સમક્ષ કલાક સાંજે ૮/૪૦ વાગે લઈને આવેલા જે અસલ પોલિસ યાદી તેઓએ તેમની સહી કરી રીસીવ કરેલ ત્યારે સદર ભોગ બનનારની ઉમર ૧૬ વર્ષની હતી. ડોક્ટર સાહેદ રાહુલ બલદાણીયાએ તેઓની જુબાની દરમ્યાન યાદીની સ્થળપ્રત ઓળખી બતાવે છે જેમા તેમની સહી છે જે આંક-૩૪ થી રજુ થયેલ છે. ડોક્ટર સાહેદ રાહુલ બલદાણીયાએ વધુમાં જણાવેલ કે, ભોગબનનારે તેમની સમક્ષ આરોપી જયમિને તેની ઉપર શારીરીક હુમલો કર્યા અંગે જણાવેલ ત્યારબાદ તેમની હોસ્પીટલમાં આ સમયે મહિલા સ્ટાફ ન હોવાથી તેણીને તેઓએ વધુ શારીરીક તપાસણી સારુ શ્રી ક્રિષ્ણ હોસ્પીટલ, કરમસદ ખાતે રીફર કરેલા તે બાબતનુ સર્ટીફીકેટ તૈયાર કરી નીચે તેમની સહી તથા હોદદાનો સિકકો મારી તપાસ કરનાર અમલદારને સુપરત કરેલ. ડોક્ટર સાહેદ રાહુલ બલદાણીયાએ તેઓની જુબાની દરમ્યાન ભોગ બનનારનુ શારિરીક તપાસણીનું એમ. એલ.સી. સર્ટીફિકેટ જોઈ જે તેઓના હસ્તાક્ષરમાં છે અને નીચે તેઓની સહી કરી તેમના

હોદાનો સિકકો મારેલ છે જે ઓળખી બતાવેલ છે જે આંક–૩૫ થી રજુ છે.

**(૨૨.૧)** આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા આ ભોગ બનનારની શારિરીક તપાસણી કરનાર ડોક્ટર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, ભોગ બનનારને પોલીસ ચાદી સાથે લાવેલા તથા ભોગ બનનારની વઘુ શારીરીક તપાસણી માટે તેઓએ કરમસદ મેડીકલ હોસ્પીટલ ખાતે રીફર કરેલા અને તેઓ એ ભોગ બનનારની કોઈ શારીરીક તપાસણી કરેલ નથી કે ભોગ બનનાર શરીર પરથી કોઈ નમુના કબજે લીધેલ નથી.

**(૨૩)** ફરીયાદપક્ષ તર્ફે સાહેદ નં.૯ તરીકે આંક–૩૭ થી તપાસ કરનાર અધિકારી અને ફરિયાદ લેનાર શેફાલી હરીશકુમાર બુલાન ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગત તા. ૨૫/૫/૨૦૨૫ ના રોજ તેઓ પી. આઇ. તરીકે ઉમરેઠ મુકામે તેમની ફરજ બજાવતા હતાં તે દરમ્યાન ફરીયાદી નાઓ રુબરુ આવી ફરીયાદ હકિકત જણાવેલી જે મુજબ તેઓએ ફરીયાદ હકિકત લખી લઇ, ફરીયાદની નીચે ફરીયાદીની સહી લીધેલ અને રુબરુ તરીકે તેમની સહી કરેલી. ત્યારબાદ તેઓએ ગુનો રજીસ્ટર કરેલો જે ઉમરેઠ પોલિસ સ્ટેશન ગુના રજી ૧૧૨૧૫૦૩૫૨૫૦૨૫૩/૨૦૨૫ જે બી.એન.એસ ની કલમ ૭૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા પોકસોની કલમ ૦૮ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ તેઓ એ સંભાળી લીધેલ તથા તેઓ એ લાગતા વળગતા સાહેદના નિવેદનો તેના લખાવ્યા મુજબ લખી લીધેલ. ત્યારબાદ ભોગ બનનારનુ નિવેદન તેના ફોઈ તથા વુ.લોકરક્ષક મોનિકાબેન તથા લીગલ કમ પ્રોબેશન ઓફીસરની રુબરુ નોંધી કામમાં સામેલ રાખેલ. ત્યારબાદ આરોપીને અટક કરી તેનુ નિવેદન નોંધેલ. ત્યારબાદ બે સરકારી પંચો સાથે રાખી ભોગ બનનાર અને આરોપીના શરીરસ્થિતિના પંચનામા, ભોગ બનનારના બતાવ્યા અનુસારના ગુનાવાળી જગ્યાનુ પંચનામુ ત્યારબાદ ફરીયાદીએ રજૂ કરેલ મોબાઇલ કબજે કર્યાનુ

પંચનામુ કરેલ ત્યારબાદ ભોગ બનનારને મેડીકલ ઓફીસર ઉમરેઠ તેમજ ભોગ બનનારને વધુ શારીરીક ચકાસણી માટે શ્રી ક્રિષ્ણ હોસ્પીટલ કરમસદ ખાતે યાદી પાઠવી તપાસણી કરાવેલ ત્યારબાદ મેડીકલ સર્ટી તપાસના કામે સામેલ રાખેલ ત્યારબાદ ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર મેળવવા માટે રજીસ્ટાર જન્મ મરણ ઉમરેઠને યાદી પાઠવી ગુનાના કામે ભોગ બનનારનુ જન્મનુ પ્રમાણપત્ર મેળવેલ અને આરોપીની અટક કરી નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરેલ તેમજ ભોગ બનનારનુ બી.એન.એસ ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવા કાર્યવાહી કરેલ અને આરોપી સામે પૂરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ. આ સાહેદે તેઓની જુબાની દરમ્યાન આરોપીને ઓળખી બતાવેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૩૮ થી રજુ ફરિયાદ જોઈ જેમાં રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૧૮ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ તથા આંક–૨૦ થી રજુ આરોપી નં.૧ ની શરીરસ્થિતિનુ પંચનામુ તથા આંક–૨૨ થી આરોપીઓની શરીરસ્થિતિનુ પંચનામુ તથા આંક–૩૯ થી મોબાઈલ ફોનનુ પંચનામુ જોઈ જેમાં રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. તેઓની જુબાની દરમ્યાન આંક–૪૦ થી આંક–૪૫ સુધી રજુ બી.એસ.એ કલમ ૬૪(સી) ના સર્ટી તથા હેઝવેલયૂ સર્ટી તેમજ આંક–૪૬ થી રજુ સ્થળ પરીક્ષણ અહેવાલ તેમજ આંક–૪૭ થી રજુ યાદી ભોગ બનનારની શારીરીક ચકાસણી કરવા માટે મેડીકલ ઓફીસર નાઓને કરેલી યાદી તેમજ આંક–૪૮ થી રજુ ભોગ બનનારનુ બી.એન.એસ.એસ. ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન નોંધવા માટે નામદાર કોર્ટને કરેલ યાદી તેમજ આંક–૪૯ થી રજુ ભોગ બનનારને ૧૮૩ નુ નિવેદન આપવા માટે હાજર રાખવા કરેલ યાદી તેમજ આંક–૫૦ થી આંક–૫૨ સુધી રજુ પ્રાંત અધિકારીને કરેલ યાદી તથા સૂચિપત્ર તથા સ્પે. રીપોર્ટ જોઈ જેમાં રૂબરૂ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, આંક–૫૩ થી રજુ ઉમરેઠ જન્મ મરણ રજીસ્ટાર દ્વારા મોકલવામાં આવેલ યાદી તથા આંક–૫૪ થી રજુ જન્મ મરણ રજીસ્ટારના ઉતારાની નકલ તથા આંક–૫૫ થી રજુ વીએચએફ મેસેજ જેમા પી.એસ.ઓ. ની સહી

છે તે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ છે. તેઓએ જણાવેલ છે કે તેઓએ જે મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલ તે તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૫૬ થી રજુ પંચ સ્લીપ જોઈ જેમાં બે પંચોની સહી અને રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તપાસ કરનાર અધિકારીએ તેઓની જુબાની દરમ્યાન આંક–૫૭ થી ગુન્હાને લગતી સ્ટેશન ડાયરીની નકલ રજુ કરેલ છે.

**(૨૩.૧)** આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી દ્ધારા આ તપાસ કરનાર અધિકારી અને ફરિયાદ લેનારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ ની ફરીયાદ ભોગ બનનારના પિતાએ આપેલી અને કહેવાતો બનાવ તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ બનેલ અને તેની ફરીયાદ તા.૨૫/૦૫/૨૦૨૫ ના રોજ આપેલી. તેઓએ ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારનુ નિવેદન તેણીના લખાવ્યા મુજબ નહી પણ તેમની જાતે લખી લીધેલ અને ફરીયાદીની ફરીયાદ તેના લખાવ્યા મુજબ નહી પણ તેમની જાતે લખી લીધેલ તથા આ કામમાં તમામ પંચનામા ફરીયાદને અનુરૂપ લખી પંચોની પાછળથી સહી લીધેલ તેમજ સાહેદોના નામઠામ પુછી નિવેદન લખી લીધેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી રીતે અટક કરેલ.

**–: <u>મુદ્દા નંબર– ૦૧</u> :–**

**(૨૪)** આ કામના આરોપીઓ વિરુધ્ધ ઉમરેઠ પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૨૧૫૦૩૫૨૫૦૨૫૩/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૭૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૮ મુજબના ગુનાનો આક્ષેપીત કેસ રહેલ છે.

**(૨૫)** ફરીયાદ પક્ષ દ્ધારા આરોપી સામે બાળકોને જાતીય ગુન્હાઓ સામે રક્ષણ આપતા અધિનિયમ–૨૦૧૨ ની જોગવાઈઓને આધિન ઉપરોકત મુજબના આક્ષેપીત ગુન્હાની હકિકત પુરવાર કરવા માટે સર્વ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકિકત પુરવાર કરવી જોઈએ. આ કેસમાં ફરિયાદ પક્ષના કેસ મુજબ આ કામના ભોગ બનનારની જન્મ તારીખ ૨૧/૩/૨૦૦૯ રહેલ છે અને બનાવ તા.૨૩/૦૫/૨૦૨૫ નો છે. જે ધ્યાને લેતાં આક્ષેપિત બનાવ સમયે આ કામના ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ ૦૨ માસ ૦૨ દિવસની ઉંમર ધરાવતી સગીર વયના હતા.

**(૨૬)** ફરીયાદપક્ષ તર્ફે ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે સબ રજીસ્ટ્રાર, જન્મ મરણ વિભાગ, ઉમરેઠનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેમાં તેઓએ સને ૨૦૦૯ નું અસલ જન્મ મરણ રજીસ્ટર રજુ કરેલ છે અને જણાવેલ છે કે, જેના પાના નં ૪૦ ઉપર અનુક્રમ નં. ૩૪૨ ઉપર સ્ત્રી બાળકની નોંધ કરેલ છે જેના પિતાનુ નામ D તથા માતાનુ નામ R તથા માં-બાપ નુ કાયમી રહેઠાણનું સરનામુ બહાર ફળીયું, સુંદલપુરા, તા. ઉમરેઠ, જી. આણંદ તથા બાળકીની જન્મ તા. ૨૧/૦૩/૨૦૦૯ તથા બાળકી નો જન્મ સી.એચ.સી ઉમરેઠ ખાતે થયેલ છે તથા નોધણી તા. ૨૬/૦૩/૨૦૦૯ ના રોજ કરવામા આવેલી છે. જે અસલ જન્મના રજીસ્ટરના પાના નં ૪૦ ની ખરી નકલ આંક..૨૯ થી રજુ કરેલ છે તેમજ આંક -૩૦ થી જન્મનુ પ્રમાણપત્ર રજુ કરેલ છે. આમ, આંક-૩૦ થી રજુ ભોગબનનારના જન્મના પ્રમાણપત્રમાં ભોગબનનારની જન્મ તા. ૨૧/૦૩/૨૦૦૯ હોવાનું જણાય આવે છે અને જન્મના પ્રમાણપત્ર માં જન્મ નોંધણી તા. ૨૬/૦૩/૨૦૦૯ ના રોજ થયેલ હોવાનું જણાય આવે છે, જે દસ્તાવેજી પુરાવો નહી માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી. વધુમાં સદર જન્મ નોધણી બાબતે આરોપી પક્ષ તર્ફે કોઇ વિરૂદ્ધની હકિકતો પુરવાર કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલા મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓમાં આક્ષેપીત બનાવ સમયે ભોગ બનનાર ૧૮ વર્ષ કરતાં ઓછી ઉંમરના હોવાની હકિકત પુરવાર થાય છે. આથી મુદ્દા નંબર–૦૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

**–: <u>મુદ્દા નંબર – ૦૨ અને ૦૩</u> :–**

**(૨૭)** ઉપરોકત હકિકતો અને પુરાવા ધ્યાને લેતાં, ફરીયાદીએ સવિતાબેન રમેશભાઈ ભોઈને સીમકાર્ડ પરત નહી આપેલ તેની રીશ રાખી તા.૨૩/૦૫/૨૦૨૫ ના કલાક ૧૩:૩૦ વાગ્યે મોજે: સુંદલપુરા બહાર ફળીયા મુકામે આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ ફરીયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર તેઓના ઘરના વાડામાં એકલી હોય તેને પકડી બાથમાં લઈ તેણીની ઈજ્જત લેવાની કોશીશ કરી આરોપી નં.૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ સાહેદ વિરેન્દ્રભાઈને લાત મારી પાડી દઈ ઈજા પહોંચાડી તથા આરોપી નં.૨ સવિતાબેન ઉર્ફે રાધા રમેશભાઈ ભોઈ તથા આરોપી નં.૩ રમેશભાઈ રૂપાભાઈ ભોઈ તથા આરોપી નં.૪ કુસુમબેન ભલાભાઈ ભોઈ તથા આરોપી નં. ૧ જયમીન ભલાભાઈ ભોઈ નાઓએ ફરીયાદીશ્રીને ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાની મદદ કરી આરોપીઓએ શિક્ષાને પાત્ર ગુનો કરેલાનો આક્ષેપ છે.

**(૨૮)** આ કામે સૌથી મહત્વના સાહેદ ખુદ ભોગ બનનાર છે. તેમના પુરાવાનું સુક્ષ્મતા પુર્વક અને બારીકાઈ થી મુલ્યાંકન અને વિશ્લેષણ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને અનુસરી કરવુ અનિવાર્ય જણાય છે. ભોગ બનનારના મૌખીક પુરાવાનુ વિશ્લેષણ અને મુલ્યાંકન કરતા પહેલા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો નોંધવા આવશ્યક જણાય છે. જે ધ્યાને લેતાં, ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ પ્રાથમિક પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફોજદારી કેસમાં આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સ્પષ્ટપણે અને નિઃશંકપણે પુરાવાઓથી સાબિત ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીના કામે આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકતની સાબિતીનો ભાર ફરિયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરિયાદ પક્ષ દ્વારા આરોપી સામે આક્ષેપિત તહોમતની હકીકતો સંપુર્ણ વિશ્વાસનીય અને સચોટ પુરાવાઓથી નિઃશંકપણે પુરવાર કરવાની રહે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી જો ઈચ્છે તો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઈઓને આધિન પોતાના બચાવનો પુરાવો રજુ કરી શકે છે, પરંતુ જો આરોપી મૌન રહેવા માંગતા હોય તો તેમને ફરજ પાડી શકાય નહી. કાયદાનોએ સ્થાપિત સિદ્ધાંત છે કે આરોપીના બચાવની

નબળાઈનો લાભ ફરિયાદ પક્ષ મેળવી શકે નહી. ફોજદારી કાર્યવાહીના કામે ફરિયાદપક્ષના પુરાવાઓનું મુલ્યાંકન અદાલત દ્વારા એક માનસિક પ્રક્રિયાને આધીન કાયદાના સ્થાપિત સિદ્ધાંતો મુજબ કરવાનું રહે છે. આવુ મુલ્યાંકન કરવા માટે કોઈ નિશ્ચિત પ્રક્રિયા હોય શકે નહી. પુરાવાઓનું મુલ્યાંકન દરેક કેસની હકીકતો, સંજોગો, રજુ થયેલા પુરાવાઓ અને કેસના ગુણદોષને આધીન કરવાનુ રહે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રમાં પુરાવાઓની સંખ્યા કે જથ્થાને મહત્વ આપવામાં આવેલ નથી, પરંતુ પુરાવાની ગુણવત્તાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. ફોજદારી કાર્યવાહીના કામે પુરાવાઓના મુલ્યાંકન સમયે પુરાવાની ગુણવત્તા અને સાહેદોની વિશ્વસનીયતા અગત્યની બાબત રહેલા છે. પુરાવા અધિનિયમના સ્તુત્ય પ્રબંધો અનુસાર તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત અને આપણી નામદાર ઉચ્ચ અદાલત દ્વારા પ્રતિપાદીત કરવામાં આવેલા સિદ્ધાંતો મુજબ વિશ્વસનીય, માનવાલાયક અને સત્ય સ્થાપિત કરનાર એક માત્ર સાહેદના પુરાવાના આધારે પણ જે તે કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય છે અને તેના માટે પુરાવાઓનો જથ્થો રજુ કરવો જરૂરી નથી. તેવી જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ આપણી નામદાર અદાલત અને અન્ય નામદાર ઉચ્ચ અદાલતો દ્વારા એ સિદ્ધાંત પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જો જાતીય ગુન્હાનો ભોગબનનાર સ્ત્રી કે બાળકીનો મૌખિક પુરાવો વિશ્વાસ સંપાદિત કરનારો, નિષ્કલંક અને માનવાલાયક રહેલો હોય તો તે શ્રેષ્ઠતાવાળો અને ઉત્કૃષ્ઠ પુરાવો છે અને તેના એક માત્ર આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેના માટે ભોગબનનારના પુરાવાને સમર્થનકારી પુરાવાની અપેક્ષા રાખવાની નથી. જાતીય ગુન્હાઓના કામે રહેલ ભોગબનનારના પુરાવામાં નાની, ક્ષુલ્લક કે તુચ્છ વિસંગતતાઓ અને વિરોધાભાસ હોય તો તે અપ્રસ્તુત છે.

**(૨૯)** ફોજદારી ન્યાયશાસ્ત્રના ઉપરોક્ત મુજબના સ્થાપિત સિદ્ધાંતોને લક્ષમાં રાખી ભોગબનનારના આંક-૨૫ મુજબના સોગંદ ઉપરના પુરાવાનુ મુલ્યાંકન કરતા જણાય છે કે, ભોગબનનારનો મૌખિક પુરાવો સંપુર્ણપણે વિશ્વાસ સંપાદીત કરનારો અને માનવાલાયક નથી અને તેમના મૌખિક પુરવારમાં રહેલી વિસંગતતાઓ નાની, ક્ષુલ્લક કે તુચ્છ પ્રકારની રહેલી નથી અને આ વિસંગતતાઓ ફરિયાદપક્ષના કેસને વિપરીત અસર કરનારી અને મહત્વનો વિરોધાભાસ દર્શાવનારી રહેલી છે.

(૩૦) ભોગ બનનારના આંક–૨૫ ના પુરાવામાં તેણીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેણીએ સુંદલપુર શાળામાં ધોરણ–૧૦ સુધી અભ્યાસ કરેલો છે. તેમના કાકાએ તેમના આધાર કાર્ડ માં તેમની જન્મ તા.૨૧/૦૩/૨૦૦૯ લખાવેલ છે તે ખોટી છે હાલમાં તેમના ૧૮ વર્ષ પુરા થઈ ગયેલ છે પરંતુ તેમની સાચી જન્મ તારીખ તેમને યાદ નથી. તેઓએ જણાવેલ છે કે, તેઓએ ધોરણ–૧૦ સુધી સુંદલપુરા શાળામાં અભ્યાસ કરેલ છે અને તેમના મમ્મી પપ્પા અવસાન પામેલ છે અને તેઓ ૩ બહેનો અને ૧ ભાઈ છે જેમાં સૌથી મોટા તેઓ છે તેમજ તેમની સાથે કોઈ બનાવ બનેલ નથી અને આરોપીઓ તેમના ગામમાં રહેતા હોય તેથી બધાને ઓળખે છે અને તેણીએ તેમના પપ્પા કે સગા સંબંધીને બીજી કોઈ વાત કરેલ નથી તેમજ પોલીસે તેમની કોઈ પૂછપરછ કરેલ નથી કે તેઓએ પોલીસને કોઈ હકીકત જણાવેલ નથી કે પોલીસે આરોપીએ બાબતે કોઈ હકીકત પુછેલી નથી કે પોલીસ તેમને પોલીસ સ્ટેશનેથી અન્ય કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી કે પોલીસ તેમને કોઈ હોસ્પિટલ લઈ ગયેલ નથી. વધુમાં તેણી જણાવે છે કે, પોલીસ તેમને ઉમરેઠ કોર્ટ ખાતે લાવેલા જયાં તેમની પૂછપરછ જજ સાહેબ ધ્વારા કરવામાં આવેલી અને તેમના કુંટુંબી કાકાએ જે કહેવા સમજાવેલ તે તેણીએ કોર્ટ માં જજ સાહેબને જણાવેલ અને જજ સાહેબે તેનુ લખાણ લખેલ જે લખાણ તેણીએ વાંચેલ નહી માત્ર સહી કરેલી. ભોગ બનનારે તેમની જુબાની દરમ્યાન બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન જોઈ જેના દરેક પાના પર તેણીની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૨૬ થી રજુ છે.

(૩૧) આ ભોગ બનનાર સાહેદ ફરિયાદ પક્ષના કેસની મહત્વની હકિકતોને સમર્થન કરતા ન હોય ફરિયાદ પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ આ ભોગ બનનાર સાહેદને પુછવામાં આવેલા અને તેમાં પણ તેઓએ ફરિયાદ પક્ષના કેસના કેસની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી. તેમજ આરોપી પક્ષે ઉલટ તપાસમાં ભોગ બનનાર સાહેદે સ્વીકારેલ છે કે, આરોપીઓ તેમના

ગામના હોવાથી ઓળખે છે તેઓ અગાઉ કયારેય મોબાઈલ વાપરતા નહી કે મોબાઈલ ધરાવતા નથી કે  મોબાઈલ કે સીમકાર્ડ બાબતે તેમના પપ્પાએ ઠપકો આપેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમના પપ્પાને કોઈની સાથે કયારેય અણબનાવ કે ઝગડો થયેલ નહી તેમજ જયમીને તેમની સાથે કયારેય કોઈ જબરજસ્તી કે છેડતી કરેલ નથી કે જયમીને તેમના કાકાને મારેલ હોય કે તેમના કાકાને કોઈ ધમકી આપેલ હોય તેમ બનેલ નથી કે આરોપીઓએ તેમને કે તેમના પપ્પાને કે તેમના કાકાને કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી તેમજ તેઓએ આપેલ નિવેદન તેમના કાકા અને પિતાના કહેવાથી આપેલ તથા પોલીસે તેમને કોઈ જગ્યાએ લઈ ગયેલ અને તેમની હાજરીમાં પંચનામુ કરેલ નથી તથા તેઓને જયારે ડોકટર પાસે લઈ ગયેલ ત્યારે તેઓએ ડોકટરને કોઈ હકીકત જણાવેલ નહી કે ડોકટરને કોઈ સેમ્પલ આપેલ નહી તેમજ પોલીસે તેમની કોઈ પૂછપરછ કરેલ નહી અને કોઈ નિવેદન લીધેલ નહી કે પોલીસને જાતે કોઈ હકીકત જણાવેલ નહી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષના આક્ષેપીત તહોમત કે, આરોપીઓએ ફરીયાદીની સગીર વયની દીકરીના મોબાઇલમાં સવીતાબેને સીમકાર્ડ નાંખી આપેલ હોય જે કાર્ડ પરત માંગતા જે ફરીયાદીએ પરત નહી આપતાં ફરીયાદીની સગીર ભોગબનનાર ઘરના વાડામાં એકલા હોય આરોપી નંબર–૧ નાઓએ ઈજ્જત લુંટવાની કોશીસ કરતાં, સગીર ભોગબનનારના કાકા વીરેન્દ્ભાઇએ આરોપીને જયમીનને લાત મારી પાડી દીધેલ હતો અને અવાજ સાંભળી અન્ય આરોપીઓ આવી જઇ ગાળો બોલી ફરીયાદીને ગડદાપાટુનો માર મારી ધમકીઓ આપેલ હોવાની હકિકત ખુદ ભોગ બનનારના પુરાવાથી પુરવાર થતી નથી.

**(૩૨)** આ કામે ભોગબનનારની શારિરીક તપાસણી કરનાર ડો. દર્શન ગાલોરીયાને તથા ડો. રાહુલ બલદાણીયાને ફરીયાદપક્ષે તપાસેલ છે. ડોકટર સાહેદોની જુબાનીમાં જણાવ્યા અનુસાર ભોગ બનનારની જરૂરી મેડીકલ તપાસણી કરી હીસ્ટ્રી લીધેલાનું તથા જરૂરી નમુના લીધેલાનું જરૂરી લેબોરેટરી તપાસ કરેલાનું જણાવેલ છે અને તપાસ પ્રમાણપત્ર આપેલ હોવાનું જણાવેલ છે. પરંતુ આ કામના મહત્વના સાહેદ ખુદ ભોગ બનનાર ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તથા તબીબી પુરાવા કેસથી

વિરોધાભાસી હકિકતો જાહેર કરતા હોય ડોકટરનો પુરાવો સહાયક પુરાવો હોય તેવા પુરાવા આધારે આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે માની શકાય તેમ નથી.

(૩૩) આ કામે પોલીસ સાહેદનો પુરાવો જોતાં તપાસ કરનાર અધિકારી પી.આઇ. શેફાલી હરીશકુમાર બુલાનને આંક-૩૭ થી તપાસેલા છે. ઉપર જુબાનીમાં ચર્ચા કર્યા મુજબ ઉપરોકત પોલીસ સાહેદ તરફથી તેઓએ ફરજ દરમ્યાન આ કામે ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલ અને ત્યારબાદ તપાસ સંભાળીને લાગતા વળગતા સાહેદના નિવેદન લીધેલાનું તથા જરૂરી પંચનામા કરેલ હોવાનું સમર્થન કરે છે. ભોગ બનનારનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૮૩ મુજબનું નિવેદન માટે તજવીજ કરેલી અને પુરતા પુરાવા મળી આવતા આરોપી સામે ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. તેઓ તર્ફે કરેલ કાર્યવાહીના સમર્થનરૂપ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. તપાસ કરનાર અધિકારીના પુરાવાને ધ્યાને લેતાં, તેઓએ તપાસ કરનાર અધિકારી તરીકે ફરજના ભાગરૂપે કરેલ કામગીરીને સમર્થન કરેલ હોવાનું જણાય છે. પરંતુ આ કામે મહત્વના સાહેદ ભોગબનનાર દ્વારા ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપવામાં આવેલ ન હોય તપાસનીશ અધિકારીની ઉપરોક્ત જુબાની સ્વતંત્ર રીતે આરોપી વિરૂદ્ધના આક્ષેપિત ગુનાનો તહોમત પુરવાર કરવા પર્યાપ્ત હોવાનું સ્વીકારી શકાય તેમ નથી.

(૩૪) ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા મહત્વના સાહેદ ખુદ ભોગ બનનારના મૌખિક પુરાવામાં વિસંગતતા જણાય આવે છે અને ભોગ બનનારનો પુરાવો ફરિયાદ હકીકતને સમર્થનકારી કે વિશ્વસનીય અને માનવા લાયક જણાય આવતો નથી. ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ આરોપીએ ભોગ બનનારની સગીરાવસ્થા દરમ્યાન તેણીની સાથે ઈજ્જત લુંટવાની કોશીસ કરેલ હોવાની હકીકતને પણ ભોગ બનનાર દ્વારા તેમના મૌખિક પુરાવાથી કોઈ જ સમર્થન આપવામાં આવેલ નથી. આ સંજોગોમાં સાહેદના મૌખિક પુરાવાઓ તમામ શંકાઓથી પર એવી એક માત્ર હકિકત કે હાલના આરોપીઓએ આ આક્ષેપિત ગુન્હાનું કૃત્ય આચરેલ છે તે નિઃશંક રીતે પુરવાર થતી ન હોય ત્યારે વિદ્વાન એ. પી. પી. શ્રી ની ઉપરોકત મુજબની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર રહેતી નથી.

(૩૫) આ કામે ફરીયાદ પક્ષે ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ દીલીપકુમાર દેવરાજભાઇ ચૌધરીને આંક–૧૭ થી તપાસેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ગુનાવાળી જગ્યા ભોગ બનનારે બતાવેલ હોવાની હોવાની હકિકત જણાવેલ છે અને તે જગ્યા નું પંચનામું તેઓની રૂબરૂ કરવામાં આવેલ હોવાની હકિકત જણાવેલ છે અને ગુનાવાળી જગ્યાનું પંચનામું આંક–૧૮ થી રજુ છે. તેમજ ફરીયાદપક્ષે આરોપીની શરીર સ્થીતી અંગેના પંચ સાહેદ છગનભાઇ કોયાભાઇ ભોઇને આંક–૧૯ થી તપાસેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીની શરીર સ્થીતીનું પંચનામું કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને આરોપીની શરીર સ્થીતીનું પંચનામું આંક–૨૦ થી રજુ છે. સદર પંચ સાહેદોએ પંચનામાઓને સમર્થન આપેલ છે. પરંતુ ઉપરોકત હકીકતે અને ચર્ચા મુજબ જયારે ખુદ ભોગ બનનાર ધ્વારા તેમના સોગંદ ઉપરના પુરાવાઓમાં આરોપીએ તેણીની કોઈ જાતિય સતામણી કરેલ ન હોવાનું જણાવેલ છે ત્યારે આ પંચનામાઓના આધારે ફરિયાદ પક્ષનો કેસ કાયદાના સ્થાપિત નિયમો મુજબ નિ:શં કપણે પુરવાર થયાનું કહી શકાય નહીં.

(૩૬) આ કામે ફરીયાદ પક્ષે આરોપીની શરીર સ્થિતિ પંચનામું આંક–૨૨ થી રજુ થયેલ છે સદર પંચનામાના પંચ સાહેદો અશોકભાઈ કાંતીભાઈ સાંકલા તથા સંજયભાઈ અંબાલાલ તળપદા આ બંને પંચનામાના પંચ સાહેદોએ તેમના મૌખિક પુરાવાઓથી ફરિયાદપક્ષના કેસને કોઈ સમર્થન આપેલ ન હોય વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ત્યારબાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પણ અદાલતની પરવાનગીથી આ પંચ સાહેદોને વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા પુછવામાં આવેલ પરંતુ તે દરમ્યાન પણ કોઈ પણ પંચ સાહેદોએ પંચનામાની હકિકતોને કે ફરિયાદપક્ષના કેસની હકિકતોને સમર્થન આપેલ નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષના કેસને પંચ સાહેદો જેવા સ્વતંત્ર સાહેદોના મૌખિક પુરાવાથી કોઈ વિશ્વસનિય સમર્થન પ્રાપ્ત થતુ નથી. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાતો મુજબ જ્યારે પંચ સાહેદો દ્વારા પંચનામાની હકિકતોને સમર્થન આપવામાં આવેલ ન હોય ત્યારે પંચનામાની હકિકતો તપાસ કરનાર અધિકારી દ્વારા પોતાના મૌખિક પુરાવાના માધ્યમથી પુરવાર કરવાની રહે છે. હાલના

કિસ્સામાં તપાસ કરનાર અધિકારી દ્વારા તેમના સોગંદ ઉપરના પુરાવામાં માત્ર એટલી જ હકિકત જણાવવામાં આવેલ છે કે, તેઓએ પંચો રૂબરૂ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું, આરોપીની શરીર સ્થિતિનુ પંચનામુ કરેલુ અને પંચનામાઓમાં પંચોની સહીઓ હોવાનું તથા રૂબરૂ તરીકે તેમની સહીઓ હોવાનું માત્ર ઓળખી બતાવેલ છે. આમ કાયદાની જરૂરીયાત મુજબની પંચનામાના કથનો પુરવાર કરવાની મુળભુત કે મહત્વની હકિકતો તપાસ કરનાર અધિકારી દ્વારા તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવવામાં આવેલ નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા તેમની જુબાનીમાં પંચનામામાં માત્ર પંચોની સહીઓ ઓળખી બતાવવામાં આવે એટલું પર્યાપ્ત નથી. આથી ફરિયાદપક્ષ તપાસ કરનાર અધિકારીના પુરાવા મારફતે પણ આ તમામ પંચનામાની હકિકતો અને કથનો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય પંચનામા સ્વરૂપના દસ્તાવેજી પુરાવાઓથી પણ ફરિયાદપક્ષના કેસને કોઈ વિશ્વસનિય સમર્થન પ્રાપ્ત થતું નથી.

(૩૭) ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા મહત્વના સાહેદ ખુદ ભોગ બનનારના મૌખિક પુરાવામાં વિસંગતતા જણાય આવે છે અને ભોગ બનનારનો પુરાવો ફરિયાદ હકીકતને સમર્થનકારી કે વિશ્વસનીય અને માનવા લાયક જણાય આવતો નથી. ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ આરોપી નંબર–૧નાએ ભોગ બનનારની સગીરાવસ્થા દરમ્યાન તેણીની સાથે જાતીય સતામણી કરેલ હોવાની તથા આ કામના આરોપી નંબર ૨ થી ૪ નાઓએ ઉશ્કેરાઈ જઇ, ફરીયાદી દીનેશભાઇને ગડદાપાટુનો માર મારી સ્વેચ્છાપુર્વકની વ્યથા પહોંચાડી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોવાની હકીકતને ખુદ ભોગ બનનાર દ્વારા તેમના મૌખિક પુરાવાથી કોઈ જ સમર્થન આપવામાં આવેલ નથી. આ સંજોગોમાં સાહેદના મૌખિક પુરાવા તમામ શંકાઓથી પર એવી એક માત્ર હકિકત કે હાલના આરોપીઓએ આ આક્ષેપિત ગુન્હાનું કૃત્ય આચરેલ છે તે નિઃશંક રીતે પુરવાર થતી ન હોય ત્યારે વિદ્વાન એ. પી. પી. શ્રી ની ઉપરોકત મુજબની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર રહેતી નથી.

(૩૮) આ કામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા કલમ –૭૫ મુજબના ગુન્હા કર્યાનો આક્ષેપ છે. કલમ ૭૫ ની જોગવાઈ અનુસાર (૧) અનિચ્છનીય અને સ્પષ્ટ

જાતિય માંગણીઓ સમાવિષ્ટ હોય તેવો શારીરીક સંપર્ક અને ગેરલાભ લે અથવા (૨) જાતિય સહકારની માંગણી અથવા વિનંતી કરે અથવા (૩) કોઈ સ્ત્રીની ઈચ્છા વિરૂધ્ધ અશ્લીલ સાહિત્ય બતાવે અથવા (૪) જાતિય કામુક ટીપ્પણી કરે તો તે બાબતે સજા નિર્દિષ્ટ કરવામાં આવેલી છે.

(૩૯) હાલના કિસ્સામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫ માં દર્શાવવામાં આવેલા આવશ્યક તત્વો અસ્તિત્વ ધરાવતા નથી. હાથ ઉપરના કિસ્સામાં ઉપરોકત મુજબની ચર્ચા અનુસાર ફરીયાદ પક્ષના સૌથી મહત્વના સાહેદ ખુદ ભોગબનનાર દ્વારા ફરીયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને સમર્થન આપવામાં આવેલ નથી. ખુદ ભોગ બનનાર ફરીયાદ પક્ષના કેસથી વિમુખ હકીકતો તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે. ઉપરોકત મુજબની ચર્ચા અને પુરાવાઓ ધ્યાને લેતા ફરીયાદ પક્ષની આક્ષેપીત હકીકત અનુસાર બનાવના દીવસે ભોગ બનનાર સગીર હોવાની હકીકત જણાઈ આવે છે. પરંતુ જયારે ફરીયાદ પક્ષ ભોગ બનનારની જાતિય સતામણી હાલના આરોપી નંબર–૧નાએ કર્યાની હકીકત જ સ્થાપિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે ત્યારે આરોપી નંબર–૧ ને તેમની સામે આક્ષેપીત ગુન્હાના કામે કસુરવાર ઠેરવી શકાય નહી. ઉપરોકત મુજબના પુરાવાઓ ધ્યાને લેતા ખુદ ભોગ બનનાર તેણીની સાથે હાલના આરોપી નંબર–૧ નાએ એ જાતિય સતામણી કરેલ ન હોવાની હકીકત સોગંદ ઉપર જણાવેલ છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપી નંબર–૧ સામે આક્ષેપાયેલ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૭૫ ના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય આરોપીને આ ગુન્હા સબબ કસુરવાર ઠેરવી શકાય નહી.

(૪૦) આ કામના આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩) તથા ૫૪ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ રહેલો છે. આ ગુન્હા અંગેની આક્ષેપિત હકીકતો પુરવાર કરવા માટે સૌથી મહત્વના સાહેદ ભોગ બનનાર રહેલા છે અને ઉપરોકત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ભોગ બનનાર દ્વારા તેમના સોગંદ ઉપરના પુરાવામાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે, આ કામના આરોપી નંબર ૨ થી ૪ નાઓએ ઉશ્કેરાઇ જઇ, સાહેદને ગડદાપાટુ નો માર મારી સ્વેચ્છાપુર્વકની

વ્યથા પહોંચાડી, જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ હોય તેવુ બનેલ ન હોવાનું જણાવેલ છે. આમ, ભોગ બનનાર દ્વારા ફરિયાદ પક્ષના કેસની હકીકતોને કોઈ સમર્થન આપવામાં આવેલ નથી.

(૪૧) ફરીયાદ પક્ષના ઉપરોકત વિગત મુજબના કેસ અનુસાર હાલના આરોપી સામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ–૨૦૧૨ ની કલમ–૭ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. આ અધિનીયમની કલમ–૭ માં જણાવ્યા મુજબનો જાતિય હુમલા અંગેનો ગુન્હો આરોપીએ કરેલ હોવા અંગે છે. હાલના કીસ્સામાં ઉપરોકત મુજબના ખુદ ભોગ બનનારના પુરાવાઓનું સુક્ષ્મતાપૂર્વક મૂલ્યાંકન કરતા જણાય છે કે હાલના આરોપીએ આ કામના સગીર ભોગ બનનાર સાથે કોઈ દુષ્કર્મ કે અડપલા કરેલ હોય તેવી કોઈ હકીકતો નિ:શંકપણે ફરીયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. ખુદ ભોગ બનનાર દ્વારા પણ તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ અધિનીયમની કલમ–૭ માં જણાવ્યા મુજબનો જાતીય હુમલાનો ગુન્હો પુરવાર કરવા માટેના કોઈ આવશ્યક તત્વોની હકીકતો જણાવવામાં આવેલ નથી. ખુદ ભોગ બનનારે ઉપરોકત હકીકતે તેમના મૌખિક પુરાવામાં હાલના આરોપીએ તેણી સાથે કોઈ દુષ્કર્મ કે અડપલા કરેલ ન હોવાની હકીકતો જણાવેલ. આ સંજોગોમાં આ અધિનીયમની કલમ–૭ માં જણાવ્યા મુજબનો જાતિય હુમલા અંગેનો ગુન્હો આરોપીએ કરેલ હોવાની હકીકત પુરવાર થયેલ ન હોય આરોપીને આ અધિનિયમની કલમ–૭, ૮ મુજબના ગુન્હા સબબ કસુરવાર ઠરાવી શકાય નહી.

(૪૨) ઉપરોકત મુજબના ફરિયાદ પક્ષના પુરાવાઓના મુલ્યાંકન અને વિશ્લેષણના આધારે એ હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરિયાદ પક્ષ દ્વારા હાલના આરોપી સામે આક્ષેપીત તહોમતની હકીકતો તમામ શંકાઓથી પર નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ નથી. મહત્વના સાહેદ ભોગ બનનાર ઉપરોકત મુજબના મૌખિક પુરાવાઓ સંપૂર્ણપણે વિશ્વસનીય કે માનવા લાયક રહેલા નથી અને તેમના મૌખિક પુરાવાઓથી ફરિયાદ પક્ષના કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થતી નથી તેમજ ફરિયાદ પક્ષના

અન્ય કોઈ સાહેદના વિશ્વસનીય પુરાવાઓથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. ફરિયાદ પક્ષનો કેસ જે મહત્વના સાહેદરૂપી ધરીની આસપાસ રહેલો છે તે ખુદ ભોગબનનાર દ્વારા ફરિયાદ પક્ષના કેસની કોઈ હકીકતોને વિશ્વસનીય સમર્થન અપાયેલ નથી.

**(૪૩)** આ સંજોગોમાં ઉપરોક્ત પુરાવાઓ ધ્યાને લેતા તેમજ ઉપરોક્ત મુજબની વિસ્તૃત ચર્ચા અનુસાર ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં. ૦૨ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૦૩ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુકમ</u> :-**

**(૧)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૫૮(૧) અન્વયે આ કામના આરોપી (૧) જયમીનકુમાર ભલાભાઈ ભોઈ, (૨) સવિતાબેન ઉર્ફે રાધા રમેશભાઈ ભોઈ, (૩) રમેશભાઈ રૂપાભાઈ ભોઈ, (૪) કુસુમબેન ભલાભાઈ ભોઈ, તમામ રહે. સુંદલપુરા બહાર ફળીયુ, તા.ઉમરેઠ, જી. આણંદ નાઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫, ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૮ મુજબ - ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી વિશ્વાસનીય પુરાવાઓના અભાવે વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓના જામીન તેમજ જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ ની જોગવાઈઓને આધીન આ કેસના દરેક આરોપીએ આ હુકમ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ થાય

તો હાજર રહેવા રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના જાત જામીન તથા તેટલી જ રકમના જામીન અપીલ સમય સુધીના અત્રેની કોર્ટમાં રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામનો બીન કિમતી કપડાં મુદ્દામાલનો અપીલ સમય પુરા થતા સુધી યોગ્ય સ્થિતિમાં જાળવી રાખવો અને અપીલ સમય પુરો થયેથી મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવો.

ઉપરોકત હુકમ આજ તારીખ **૩૦ મી,** માહે**, જુન,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

(એસ.આઈ.ભોરણીયા)
સ્પેશ્યલ જજ (પોકસો)અને
બીજા એડીશ્નલ સેશન્સ જજ
આણંદ
UIC-00606

તા. ૩૦/૦૬/૨૦૨૬
સ્થળ–આણંદ

નાસીર એમ.સિંધી